# ઉમરેઠ MLA ગોવિંદભાઈ પરમારનો નશ્વર દેહ પંચમહાભૂતમાં વિલીન થયો

**રાજકીય** અને સામાજિક હસ્તિઓની ઉપસ્થિતિમાં ગાર્ડ ઓફ ઓનર અપાયું

**સ્મશાન** યાત્રામાં હજારો લોકોની જનમેદની ઉમટી



(પ્રતિનિધિ) આણંદ, તા.7

ઉમરેઠ વિધાનસભા બેઠકના ભાજપના ધારાસભ્ય તેમજ આણંદ જિલ્લાના પીઢ રાજકીય અને સામાજિક અગ્રણી ગોવિંદભાઈ રઈજીભાઈ પરમારનું 74 વર્ષની વયે શુક્રવારે નિધન થયું છે. શનિવારે સવારે સદગતની અંતિમયાત્રામાં હજારોની સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. તેમને ગાર્ડ ઓફ ઓનર સાથે રાજકીય સન્માન અપાયું હતું.

વિશાળ સ્મશાનયાત્રામાં રાજકીય નેતા, વહીવટી અધિકારી અને ઉમરેઠ સહિત આસપાસના વિસ્તારના હજારો નાગરિકોએ જોડાઈને તેમને અંતિમ વિદાય આપી હતી. ધારાસભ્ય ગોવિંદભાઈ પરમારના મરણાંત સન્માનમાં તેમના પાર્થિવ દેહને 'ગાર્ડ ઓફ ઓનર' આપવામાં આવ્યું હતું. શિસ્તબદ્ધ પોલીસ ટુકડી દ્વારા સલામી આપી તેમને રાજકીય સન્માન સાથે વિદાય અપાઈ હતી.

ભાજપના પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા , કેબિનેટ મંત્રી રમણભાઈ સોલંકી, રાજ્યમંત્રી કમલેશભાઈ પટેલ, જીલ્લા ભાજપ પ્રમુખ સંજયભાઈ પટેલ, વિપક્ષ નેતા અમીતભાઈ ચાવડા, કેન્દ્રિય મંત્રી ભરતસિંહ સોલંકી સહીતના અગ્રણીઓ તેમના નિવાસસ્થાને પહોંચ્યા હતા. તેમણે પાર્થિવ દેહના અંતિમ દર્શન કરી પુષ્પાંજલિ અર્પણ કરી પરિવારજનોને સાંત્વના પાઠવી હતી. ગોવિંદભાઈના નિધનથી પંથકમાં શોકનો માહોલ છવાયો હતો.

### સરપંચ પદથી માંડી સરકારમાં મંત્રી પદ સુધીની જવાબદારી સંભાળી

1 જૂન, 1953ના રોજ ચિખોદરાના જલાનગર ખાતે જન્મેલા ગોવિંદભાઈ પરમારે પાંચ દાયકાથી વધુ સમય જાહેર જીવનમાં વિતાવ્યો હતો. તેમણે 1975થી 1980 સુધી ચિખોદરા ગામના સરપંચ તરીકે સેવા આપી હતી અને ત્યારબાદ 1992 સુધી સભાપતિ તરીકે જવાબદારી સંભાળી હતી. તેઓ 1995માં સૌપ્રથમવાર સારસા વિધાનસભા બેઠક પરથી અપક્ષ ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા. 1998માં શંકરસિંહ વાઘેલાની રાજપા સરકારમાં તેમણે કૃષિ મંત્રી તરીકે જવાબદારી સંભાળી હતી. વર્ષ 1998થી 2002 દરમિયાન તેઓ કોંગ્રેસના ધારાસભ્ય રહ્યા હતા. ત્યારબાદ 2011માં તેઓ ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા. 2017 અને 2022માં તેઓ ભાજપની ટિકિટ પર ઉમરેઠના ધારાસભ્ય તરીકે ચૂંટાઈ આવ્યા હતા.

### કપડવંજમાં રણછોડજી મંદિરનો ભવ્ય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો




કપડવંજ શહેરની પશ્ચિમે વરાસી નદીના કિનારે વર્ષો જૂનું રણછોડજીનું મંદિર નવા રૂપરંગ સાથે ભવ્ય આકાર લઈ તૈયાર થયું છે. આ પ્રસંગે કપડવંજના કાછીયાવાડ વિસ્તારમાં આવેલ રણછોડજી મંદિરથી રણછોડજી ભગવાનની પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે અનેક સંતો મહંતો સહિત શણગારેલા ગજરાજ અને બેન્ડવાજા સાથે મોટી સંખ્યામાં ભક્તો સહિત શોભાયાત્રાનો પ્રારંભ થયો હતો. જે નગરના રાજમાર્ગો ઉપર ફરી વરાસી નદીના કિનારે પહોંચ્યો હતો .અત્રે ઉલ્લેખનીય છે કે ત્રણ દિવસનો ભવ્ય કાર્યક્રમ દરમિયાન સનાતન પરંપરા મુજબની યજ્ઞવિધિ સહિતના કાર્યક્રમમાં 100 જેટલા સંતો ગુજરાત અને ગુજરાત બહારથી પણ ઉપસ્થિત રહ્યા છે. આ મંદિર સાથે સંકળાયેલા સહકારી આગેવાન નવાગામવાળા જયેશ પટેલે જણાવ્યું હતું કે, આ પ્રસંગે મંત્રી, ધારાસભ્ય, સાંસદ સૌ કોઇ ઉપસ્થિત રહેશે. આ સમગ્ર કાર્યક્રમ મહંત શ્રીરામ સ્વરૂપદાસ દિગંબર દ્વારા આયોજન કરવામાં આવેલ છે. **તસવીર : હરિશ જોષી**

## વીરપુરમાં મેળામાં જવાની ના પાડતા તલવારનો ઘા ઝીંકયો

**ખાટા ભાગ-1**ના આગેવાનોના નિર્ણયનો અનાદર કરતાં ઝઘડો થયો

(પ્રતિનિધિ) વીરપુર તા.7

વીરપુર તાલુકાના ખાટા ભાગ-1 વિસ્તારમાં ચાડિયાના મેળામાં જવાની બાબતે થયેલા વિવાદમાં એક શખસ પર તલવાર વડે હિંસક હુમલો કરવામાં આવ્યો હતો.

વીરપુરના ખાટા ભાગ-1 અને ખાટા ભાગ-2 વિસ્તારોમાં 'ચાડિયાનો મેળો' યોજાય છે. આ વર્ષે ખાટા ભાગ-1ના આગેવાનોએ ભેગા મળીને ખાટા ભાગ-૨ ના મેળામાં નહીં જવાનો સામૂહિક નિર્ણય લીધો હતો. જોગે, શનાભાઈ ભલાભાઈ પગી જ્યારે ખાટા ભાગ-1ના મેળાની તૈયારીમાં હતા, ત્યારે ગામના જ કાળુભાઈ ભલાભાઈ પગી હાથમાં તલવાર લઈને ત્યાંથી પસાર થયા હતા. કાળુભાઈ 'હું તો ખાટા ભાગ-2ના મેળામાં જવાનો જ છું' તેમ કહી અપશબ્દ બોલી રહ્યા હતા. આ સમયે શનાભાઈએ તેમને ટોકતા પૂછ્યું હતું કે, 'આગેવાનોએ ના પાડી હોવા છતાં તમે કેમ જાવ છો?' આ સાંભળતા જ કાળુભાઈ ઉશ્કેરાઈ ગયા હતા અને શનાભાઈ પર તલવાર વડે જીવલેણ હુમલો કર્યો હતો. આ હુમલા દરમિયાન શનાભાઈએ જીવ બચાવવા તલવારને બે હાથ વડે પકડી લીધી હતી, તેમ છતાં તેમને જમણા હાથ અને છાતીના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ હિંસક ઘટના અંગે શનાભાઈ પગીએ હુમલાખોર કાળુભાઈ સામે વીરપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

### આણંદના વહીવટી તંત્રમાં 'નારી શક્તિ'નો દબદબો

# શ્વેતક્રાંતિની નગરી હવે મહિલા અધિકારીના સામર્થ્યથી મહેકી

**મહિલા** અધિકારીની ટીમ છેવાડાના માનવી સુધી યોજના પહોંચાડવા કટિબદ્ધ

(પ્રતિનિધિ) આણંદ તા.7

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ એટલે સ્ત્રીના અસ્તિત્વ અને સામર્થ્યનો ઉત્સવ. આ અવસરે ગુજરાતનું શ્વેતક્રાંતિનું કેન્દ્ર ગણાતું આણંદ આજે વહીવટી ક્ષેત્રે 'નારી શક્તિ'ના ઉત્કૃષ્ટ ઉદાહરણ તરીકે ઉભરી આવ્યું છે. આણંદ જિલ્લા પંચાયતથી લઈને કલેક્ટર કચેરી ખાતે મહત્ત્વના હોદ્દાઓ પર કાર્યરત મહિલા અધિકારીઓએ માત્ર હોદ્દાની ગરિમા જ નથી જાળવી રાખી, પરંતુ રાજ્ય સરકારની કલ્યાણકારી યોજનાઓને છેવાડાના ગામડાઓ સુધી પહોંચાડવા માટે એક મજબૂત કડી સમાન સાબિત થયા છે. વહીવટી તંત્રમાં વર્ગ-1 અને વર્ગ-2ના અધિકારી તરીકે સેવારત આ મહિલાઓ આજે સમાજ માટે પ્રેરણાનું જીવંત પ્રતિક બની છે.

આ તમામ મહિલા અધિકારીઓની વિશેષતા એ છે કે, તેઓ યોજનાકીય લાભો - જેમ કે વિનામૂલ્યે અનાજ, આરોગ્યલક્ષી સહાય કે શૈક્ષણિક લાભો - સાચા લાભાર્થી સુધી પહોંચે તે સુનિશ્ચિત કરે છે. તેમની કામ કરવાની શૈલીમાં માનવીય અભિગમ અને વહીવટી કડકાઈનો અદભૂત સમન્વય જોવા મળે છે. મત્સ્યોદ્યોગમાં બિંદિયા ઠક્કર, બાગાયતમાં સ્મીતાબેન પિલ્લઈ, લેન્ડ રેકોર્ડમાં અવનીબેન ચૌહાણ અને એકતાબેન પટેલ તેમજ તિજોરી કચેરીમાં નિશાબેન સુવાગિયા જેવી મહિલાઓએ પણ પોતાની કુશળતા પુરવાર કરી છે.

### ગ્રામ્ય વિકાસ રથના સારથિ: આઈએએસ દેવાહુતીનું સંવેદનશીલ નેતૃત્વ



આણંદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના વિકાસમાં જિલ્લા વિકાસ અધિકારી દેવાહુતી (આઈએએસ) એક મક્કમ અને સંવેદનશીલ નેતૃત્વ પૂરું પાડી રહ્યા છે. તેમના કુશળ માર્ગદર્શન હેઠળ જિલ્લા પંચાયતના તમામ વિભાગો એકસૂત્રતાથી કાર્ય કરી રહ્યા છે, જેના પરિણામે ખાસ કરીને કુપોષણ, શિક્ષણ, આરોગ્ય અને મહિલા સશક્તિકરણના કાર્યોમાં પારદર્શી અને વેગવંતું અમલીકરણ જોવા મળ્યું છે. છેવાડાના માનવીને વિકાસની મુખ્ય ધારામાં જોડવાની તેમની પ્રતિબદ્ધતા સમગ્ર વહીવટી તંત્ર માટે ઉર્જાસ્રોત બની છે.

### આણંદ જિલ્લા પંચાયતની મજબૂત ટીમ





શિક્ષણથી આરોગ્ય સુધી મહિલાઓનો પ્રભાવ જિલ્લા વિકાસ અધિકારીના માર્ગદર્શન હેઠળ નાયબ ડીડીઓ તરીકે રૂબી સિંહ રાજપુત અને કિંજલ દેસાઈ વહીવટની ધુરા સંભાળી રહ્યા છે. ગ્રામીણ શિક્ષણમાં અર્ચનાબેન પ્રજાપતિ, જિલ્લાને કુપોષણ મુક્ત કરવા માટે પ્રોગ્રામ ઓફિસર તેજલબેન ગોસ્વામી, સમાજ કલ્યાણમાં વંદનાબેન સુતરીયા અને આરોગ્ય ક્ષેત્રે ડો. પૂર્વી નાયક જેવા અધિકારીઓ રાત-દિવસ સેવારત છે. આંકડાકીય અને હિસાબી કામગીરીમાં કોકિલાબેન અંકોલીયા અને વર્ષાબા ઝાલાની સક્ષમ ભૂમિકાને કારણે આણંદ જિલ્લા પંચાયત આજે મહિલા સશક્તિકરણનું જીવંત ઉદાહરણ બન્યું છે.



હેતલબેન ભાલીયા
નાયબ કલેક્ટર



કામિનીબેન ત્રિવેદી
જિલ્લા શિક્ષણાધિકારી



અર્ચનાબેન પ્રજાપતિ
જિલ્લા પ્રા.શિક્ષણાધિકારી




અનિતાબેન લાછુન
નાયબ કલેક્ટર



હેમાંગી મોદી
આરએફઓ

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### આણંદમાં નગર રાજભાષા અમલીકરણ સમિતિ દ્વારા કાર્યશાળા અને ક્વિઝ સ્પર્ધાનું આયોજન



**આણંદ |** આણંદ નગર રાજભાષા અમલીકરણ સમિતિ અને કેન્દ્રીય વિદ્યાલય, વલ્લભ વિદ્યાનગરના સંયુક્ત ઉપક્રમે રાજભાષા કાર્યશાળા અને ક્વિઝ સ્પર્ધાનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આચાર્ય રાજેશ ત્રિવેદીની અધ્યક્ષતામાં યોજાયેલા આ કાર્યક્રમમાં કેન્દ્ર સરકારની વિવિધ કચેરીઓના સ્ટાફે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે અનુરાગ આનંદ અને વિશેષ અતિથિ તરીકે રાજેશ જોશી ઉપસ્થિત રહ્યા હતા, જેમણે સ્પર્ધકોને પ્રોત્સાહિત કર્યા હતા. ક્વિઝ સ્પર્ધાના વિજેતાઓને પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

### સોજીત્રાના સંતરામ મંદિર ખાતે 'વોકલ ફોર લોકલ'ના અભિગમ સાથે 'સ્વદેશી મેળા'નો ભવ્ય પ્રારંભ



**સોજિત્રા |** ધારાસભ્ય વિપુલભાઈ પટેલ, સાંસદ મિતેશભાઈ પટેલ અને સંતરામ મંદિરના મહારાજના વરદ હસ્તે આ મેળાનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ મેળાનો મુખ્ય હેતુ સ્થાનિક વેપારીઓ અને સખી મંડળની બહેનોને પ્રોત્સાહન આપી નાગરિકોને ગુણવત્તાસભર વસ્તુઓ પૂરી પાડવાનો છે. આ પ્રસંગે જિલ્લા સંગઠન પ્રમુખ સહિત વિવિધ સંસ્થાના હોદ્દેદારો, પદાધિકારીઓ અને મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યાં હતાં. 'હર ઘર સ્વદેશી'ના મંત્રને સાર્થક કરવા માટે સોજીત્રા નગરપાલિકા દ્વારા આ વિશેષ પ્રદર્શન અને વેચાણનું સુંદર આયોજન કરાયું છે.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### કપડવંજના વાઘજીપુરમાં હોળીના અંગારા પર ચાલવાની અનોખી પરંપરા



**કપડવંજ |** કપડવંજ તાલુકાના વાઘજીપુર ગામે વર્ષો જૂની પરંપરા મુજબ હોળીના પ્રાગટ્ય બાદ ધગધગતા અંગારા પર ખુલ્લા પગે ચાલવાનો અનોખો કાર્યક્રમ યોજાયો હતો. ગ્રામજનોની એવી પ્રબળ માન્યતા છે કે માતાજી રક્ષા કરે છે અને આ રીતે અંગારા પર ચાલવાથી મનની દરેક મનોકામના કે ધારેલી માનતા પૂર્ણ થાય છે. આ વિશિષ્ટ દ્રશ્યો નિહાળવા આસપાસના ગામોમાંથી મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા, જેમાં ખાસ કરીને ગામના યુવાનોમાં અંગારા પર ચાલવાની હોડ જામી હતી. ગામના અગ્રણીઓના જણાવ્યા મુજબ, શ્રદ્ધાળુઓ કોઈપણ ઈજા વગર સુરક્ષિત રીતે અંગારા ઓળંગે છે, જે આખા તાલુકામાં માત્ર વાઘજીપુરની એક આગવી ઓળખ છે.

### કપડવંજના રાજાધીરાજ યુવક મંડળ દ્વારા ડાકોરના પદયાત્રીઓ માટે સેવા કેમ્પ યોજાયો




**કપડવંજ |** કપડવંજ રેલ્વેસ્ટેશન વિસ્તારના રાજાધીરાજ યુવક મંડળ દ્વારા રણછોડરાયજીના દર્શને જતા પદયાત્રીઓ માટે વિનામૂલ્યે છાશ અને પાણીના વિતરણનો સેવા કેમ્પ યોજાયો હતો. આ કેમ્પમાં જય રણછોડ માખણ ચોરના નાદ સાથે 500 લિટરથી વધુ છાશ અને 5000થી વધુ પાણીની બોટલોનું વિતરણ કરવામાં આવ્યું હતું. ચાલીને આવતા પદયાત્રીઓ તેમજ વાહનોમાં જતા દર્શનાર્થીઓએ આ ઉત્કૃષ્ટ સેવાકાર્યનો લાભ લીધો હતો. મંડળની આ નિ:સ્વાર્થ સેવા બદલ શ્રદ્ધાળુઓએ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

### સરદાર પટેલ યુનિવર્સિટીમાં મનોવિજ્ઞાન વિષય પર ત્રિ-દિવસીય આંતરરાષ્ટ્રીય પરિષદનો ભવ્ય પ્રારંભ



**આણંદ |** વલ્લભ વિદ્યાનગર સ્થિત સરદાર પટેલ યુનિવર્સિટીના મનોવિજ્ઞાન વિભાગ દ્વારા IAAP ના સહયોગથી 'એપ્લાઇડ સાયકોલોજી' વિષય પર 61મી રાષ્ટ્રીય અને 30મી આંતરરાષ્ટ્રીય પરિષદનો શુભારંભ થયો છે. આ પ્રસંગે કુલપતિ પ્રો. નિરંજનભાઈ પટેલે માનસિક સ્વાસ્થ્યને વૈશ્વિક કલ્યાણનો પાયો ગણાવી ટેકનોલોજી અને પરંપરાગત મૂલ્યોના સમન્વય પર ભાર મૂક્યો હતો. આ કોન્ફરન્સમાં પેલેસ્ટાઈનના મુખ્ય વક્તા પ્રો. વાઈલ અબુ હસન સહિત દેશ-વિદેશના મનોવિજ્ઞાનીઓ અને સંશોધકો વર્તમાન પડકારો અને ભવિષ્યની શક્યતાઓ પર ગહન મંથન કરશે.

### મહીસાગર જિલ્લામાં સર્વાઈકલ કેન્સર સામે 'દીકરી સુરક્ષા કવચ' HPV રસીકરણ અભિયાનનો પ્રારંભ



લુણાવાડા | કલેક્ટર અર્પિત સાગર દ્વારા લુણાવાડા ખાતે 14થી 15 વર્ષની કિશોરીઓ માટે જીવલેણ સર્વાઈકલ કેન્સર સામે રક્ષણ આપતી સઘન HPV રસીકરણ ઝુંબેશ ખુલ્લી મૂકવામાં આવી છે. આ અભિયાન હેઠળ આગામી 3 મહિના સુધી શાળાએ જતી અને ન જતી તમામ પાત્રતા ધરાવતી દીકરીઓને રસીનો એક ડોઝ આપી સુરક્ષિત કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રથમ દિવસે 10 દીકરીઓએ ઉત્સાહપૂર્વક રસી મેળવી હતી. જેમને જિલ્લા વિકાસ અધિકારીની ઉપસ્થિતિમાં મહાનુભાવો દ્વારા પ્રમાણપત્ર આપી સન્માનિત કરાયાં હતાં. આ 'સુરક્ષા કવચ'નો લાભ લેવા ખાસ અપીલ કરાઈ છે.

### આણંદમાં પૂજ્ય પરમ આલયજીની નિશ્રામાં 'નવા દ્રષ્ટિકોણ વાળી શિબિર'નો ભવ્ય પ્રારંભ



**આણંદ |** સન ટુ હ્યુમન ફાઉન્ડેશન દ્વારા આણંદના એચ.એમ. પટેલ સ્ટેચ્યુ રોડ પર છ દિવસીય 'નવા દ્રષ્ટિકોણ વાળી શિબિર'નો હજારો લોકોની ઉપસ્થિતિમાં અત્યંત ઉત્સાહભર્યા વાતાવરણમાં મંગલ પ્રારંભ થયો છે. પૂજ્ય પરમ આલયજીના પાવન સાનિધ્યમાં આયોજિત આ શિબિરમાં પ્રાચીન જ્ઞાન અને આધુનિક વિજ્ઞાનના સમન્વય દ્વારા સમ્યક આહાર, વ્યાયામ અને ધ્યાન દ્વારા પોઝિટિવ એનર્જી મેળવવાનું પ્રાયોગિક જ્ઞાન આપવામાં આવી રહ્યું છે. આગામી 11મી માર્ચ સુધી ચાલનારી આ શિબિરમાં ઓક્સિજન સ્તર વધારવાની તકનીકો અને મનની શક્તિઓ જાગૃત કરવાના પ્રયોગો દ્વારા ડાયાબિટીસ અને માનસિક તણાવ જેવા અસાધ્ય રોગોમાંથી મુક્તિ મેળવવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે.

### સંતરામ ઈંગ્લિશ મીડીયમ સ્કૂલમાં પૌરાણિક પાત્રોની વેશભૂષા સાથે હોળીની ભવ્ય ઉજવણી



**નડિયાદ |** સંતરામ કેળવણી મંડળ સંચાલિત સ્કૂલમાં વિદ્યાર્થીઓએ પ્રહલાદ, હોલિકા અને નરસિંહ ભગવાન જેવા વિવિધ પાત્રો ધારણ કરી હોળી પર્વની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરી હતી. આ પ્રસંગે શાળાના પ્રધાન આચાર્યોના હસ્તે શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે હોલિકા દહનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. પૂજ્ય મહંત રામદાસજી મહારાજ અને સંત નિર્ગુણદાસજી મહારાજે શ્રી સંતરામ મહારાજની દિવ્ય અખંડ જ્યોતના આશીર્વાદ પાઠવી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

### નારની ગોકુલધામ ઈન્ટરનેશનલ સ્કૂલમાં છાત્રોના સર્વાંગી વિકાસ માટે વિવિધ સ્પર્ધાઓનું આયોજન



**પેટલાદ |** વિદ્યાર્થીઓમાં કૌશલ્ય વૃદ્ધિ થાય તે હેતુથી શાળા દ્વારા ન્યૂઝ રીડિંગ, વાર્તા કથન, ટાઈપિંગ સ્પીડ, કલરિંગ અને 'ફૂડ વિદાઉટ ફાયર' જેવી વિવિધ સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું, આ સ્પર્ધાઓ દ્વારા વિદ્યાર્થીઓના આત્મવિશ્વાસ, સંચાર કૌશલ્ય અને સર્જનાત્મકતામાં વધારો કરવાની સાથે આધુનિક યુગની ટેકનિકલ કુશળતા પર પણ વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. બાળકોએ પોતાની કલ્પનાશક્તિ અને રસોઈ કળા દ્વારા પૌષ્ટિક વાનગીઓ તૈયાર કરી ઉત્તમ પ્રદર્શન કર્યું હતું. આ સંસ્થાના સ્વપ્નદ્રષ્ટા શુકદેવ પ્રસાદદાસજી સ્વામીએ તમામ વિજેતાઓને અભિનંદન પાઠવ્યાં હતાં.

### આણંદ શહેરના અમૂલનગરમાં ભવ્ય 'વિરાટ હિન્દુ સંમેલન' યોજાયું




**આણંદ |** આણંદની ઉમા વસ્તી અમૂલનગર ખાતે હિન્દૂ સંમેલન સમિતિ દ્વારા 'વિરાટ હિન્દુ સંમેલન'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિવિધ સંતો અને સામાજિક અગ્રણીઓની ગરિમામય ઉપસ્થિતિ રહી હતી. આ કાર્યક્રમમાં દીપ પ્રાગટ્ય બાદ આંતરરાષ્ટ્રીય ખેલાડી દ્વારા યોગ નિદર્શન અને બાળકો દ્વારા ભક્તિગીતો રજૂ કરવામાં આવ્યા હતા, જ્યારે ઉપસ્થિત સંતોએ આશીર્વચન પાઠવી સમાજને માર્ગદર્શન આપ્યું હતું. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અને વિવિધ સમાજના વક્તાઓએ પ્રેરક ઉદબોધન આપ્યું હતું અને કાર્યક્રમનું સંચાલન વિષ્ણુભાઈ પ્રજાપતિ દ્વારા કરવામાં આવ્યું હતું.

### રઢુની નૂતન વિદ્યાલય ખાતે 'ત્રણ ભાષા ઉજવણી' અંતર્ગત ભાષાકીય પ્રદર્શન યોજાયું



**ખેડા |** રઢુની નૂતન વિદ્યાલયમાં એલકેજીથી ધોરણ 8ના વિદ્યાર્થીઓ દ્વારા ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષાના વારસાને સમર્પિત ત્રણ ભાષા ઉજવણીનું શાનદાર આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શનમાં વિદ્યાર્થીઓએ પોતે તૈયાર કરેલા સર્જનાત્મક મોડેલ્સ, ચાર્ટ્સ, બોર્ડ ગેમ્સ અને પપેટ શો દ્વારા ભાષાકીય વ્યાકરણ અને સાહિત્યના વિવિધ પાસાઓને જીવંત કર્યા હતાં. વિદ્યાર્થીઓએ મુલાકાતીઓ અને વાલીઓ સમક્ષ જે-તે ભાષામાં જ વિષયોની સમજૂતી આપીને પોતાના આત્મવિશ્વાસ અને જ્ઞાનનું પ્રભાવશાળી પ્રદર્શન કર્યું હતું. આ કાર્યક્રમના અંતે શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને પુરસ્કાર આપી પ્રોત્સાહિત કરવામાં હતાં.